એમ્બ્રોઈડરીના શ્રમિકોને વીકમાં પગાર સાથે એક રજા

માલિકો અને શ્રમિક સંગઠનો વચ્ચે નેષધ દેસાઈની મધ્યસ્થીથી સમજૂતી થતાં આંદોલન સમેટાયું

ત્રણ મહિનાથી ચાલતા સંઘર્ષનો અંત, 1 નવેમ્બરે કલેક્ટર કચેરીએ યોજનારો કાર્યક્રમ મોકૂફ



સુરત : સુરતની એમ્બ્રોઈડરી ઈન્ડસ્ટ્રીમાં ફેક્ટરી માલિકો અને કામદારો વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા વિવાદનો આખરે સુખદ અંત આવ્યો છે. એમ્બ્રોડરી ઉધોગના સૌથી જૂના નોંધાયેલા સંગઠન અખિલ ગુજરાત એમ્બ્રોઇડરી ઓનર્સ એસોસિએશન અને વિવિધ કામદાર યુનિયનોના પ્રતિનિધિઓ વચ્ચે થયેલી બેઠકમાં અનેક મુદ્દે સમજૂતી સધાતાં આંદોલન સમેટવાનો નિર્ણય લેવાયો છે. પરિણામે 1 નવેમ્બરે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાનારો કામદારોનો પ્રસ્તાવિત કાર્યક્રમ પણ મોકૂફ રાખવામાં આવ્યો છે.

શનિવારે સાંજે ઈશ્વર ફાર્મ ખાતે કામદાર સંગઠનોના આગેવાનો અને એમ્બ્રોઇડરી એસોસિએશનના હોદેદારો વચ્ચે બેઠક યોજાઈ હતી. કામદાર નેતા નૈષધ દેસાઈની મધ્યસ્થીમાં સુરેશ સોનવણે, અજય દુબે, મલખાનસિંહ વર્મા, શાન ખાન સહિત વિવિધ યુનિયનોના પ્રતિનિધિઓએ ચર્ચા કરી હતી. એમ્બ્રોડરી એસોસિએશન વતી પ્રમુખ દિનેશ અણઘન ,ધર્મેશ કાકડિયા,શાંતિલાલ મિરોલિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.તેમણે ઉદ્યોગમાં માલિકો અને કામદારો વચ્ચે પરિવાર જેવો સંબંધ જળવાઈ રહે તથા ઔદ્યોગિક શાંતિ સાથે ઉત્પાદન ચાલુ રહે તે હેતુથી સમજૂતી કરવામાં આવી હતી. ફેક્ટરીમાં શૌચાલય, સ્વચ્છતા અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા માલિકોએ કરવાની રહેશે. ESICનો લાભ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વિકલ્પરૂપે ગ્રુપ ઈન્શ્યોરન્સની વ્યવસ્થા કરવાની રહેશે. કામદારોને દર મહિનાની 1થી 7 તારીખ વચ્ચે પગાર ચૂકવવો પડશે. બે હપ્તામાં પગાર આપતી યુનિટો બાકી રકમ 15મીએ ચૂકવી શકશે. આ ઉપરાંત આંદોલન દરમિયાન રવિવારે કામ કરનારા કે યુનિટ બંધ રહેતાં રજા પર રહેલા નિયમિત કામદારોના પગારમાં પણ કાપ નહીં મૂકાય. ભવિષ્યમાં કોઈ વિવાદ ઊભો થાય તો બંને પક્ષે ચર્ચા અને પરસ્પર સહકારથી ઉકેલ લાવવાનો નિર્ણય લેવાયો છે. આમ, ત્રણ મહિનાથી ચાલતા સંઘર્ષનો અંત આવતાં સુરતના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં ઔદ્યોગિક શાંતિની આશા જાગી છે.જોકે વિવાદ અને આંદોલન એમ્બ્રોઈડરી કામદારો અને ટેકસટાઈલ એમ્બ્રોઈડરી જોબવર્ક એસોસિએશન ઓફ સુરત (TEJAS) વચ્ચે હતું.પણ સમાધાન એમ્બ્રોઈડરી કારખાના માલિકોના જુના સંગઠન અખિલ ગુજરાત એમ્બ્રોઇડરી ઓનર્સ એસોસિએશન સાથે કરવામાં આવ્યું છે.એ રીતે એમ્બ્રોડરી કારખાના માલિકોમાં જ બે ભાગલા પડી ગયા છે.

8 કલાકની બે-ત્રણ શિફ્ટનો વિકલ્પ

સમજૂતી મુજબ મોટાભાગના કામદારોની સહમતીથી શ્રમ કાયદા અનુસાર 8 કલાકની બે અથવા ત્રણ શિફ્ટમાં ઉત્પાદન કરી શકાશે. અગાઉના પગાર અને સમય મુજબ કામ કરવા ઇચ્છતા કામદારોને પણ વિકલ્પ મળશે. જરૂરિયાત મુજબ 12 કલાકની બે શિફ્ટમાં સપ્તાહના સાતેય દિવસ ઉત્પાદન ચાલુ રાખવાની વ્યવસ્થા પણ રહેશે, પરંતુ કામદારોની સંમતિ અને નક્કી થયેલી શરતોનું પાલન કરવું પડશે.

દરેક કામદારને સપ્તાહમાં એક રજા, પગાર યથાવત્

સમજૂતીનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે કામદારોના હાલના પગારમાં કોઈ કાપ મૂક્યા વગર સપ્તાહમાં એક દિવસ રજા આપવામાં આવશે. સોમવારથી રવિવાર સુધી રોટેશન પ્રમાણે રજાનું આયોજન કરાશે, જેથી કોઈ એક દિવસે ફેક્ટરીનું ઉત્પાદન સંપૂર્ણ બંધ ન થાય.

45 દિવસની પેમેન્ટ સાઇકલનો અમલ કરાવવાની ચીમકી

200 દિવસ બાદ પણ પેમેન્ટ નહીં, વિવર્સોનો પોલીસમાં હંગામો

મિલેનિયમ માર્કેટ-2ના વેપારી અને બ્રોકર સામે ફરિયાદની માંગ

વિવર્સ સંગઠનોનાં સચિન જીઆઈડીસી પોલીસ મથખે દેખાવો



સુરત : કાપડ ઉદ્યોગમાં વેપારીઓ દ્વારા વિવર્સનાં પેમેન્ટ લાંબા સમય સુધી અટકાવી રાખવાની ફરિયાદો વચ્ચે સચિન જીઆઈડીસી પોલીસ મથકે વિવર્સોએ પહોંચી જઈને હંગામો કર્યો હતો.

ફરિયાદ મુજબ, સચિનની લક્ષ્મી ટેક્સટાઇલ પાર્ક ખાતે જય બિલનાથ ઇન્ડસ્ટ્રીઝના પ્રોપરાઇટર હરેશભાઈ ભૂપતભાઈ દોંગાએ રંગીલા ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના ઓર્ડર મુજબ સાડીનો માલ સપ્લાય કર્યો હતો. સપ્લાય પેટે રૂપિયા 88,300ની ચુકવણી બાકી હોવાનું જણાવાયું છે. આ મામલે મિલેનિયમ માર્કેટ-2ના વેપારી રાકેશભાઈ જૈન અને બ્રોકર પ્રકાશ વી. જલાન સામે અરજી કરવામાં આવી છે.

રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ સી.કે. માણિયા, સચિન વિવર્સ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ નિલેશ ગામી અને સેક્રેટરી મયુર ગોળવાલાના નેતૃત્વમાં વિવર્સ પોલીસ મથકે પહોંચ્યા હતા. આશરે એક કલાક સુધી રજૂઆત અને દેખાવો બાદ પોલીસે હરેશભાઈ દોંગાની અરજી સ્વીકારી હતી અને પૂરતી તપાસ કર્યા બાદ એફઆઈઆર નોંધવાની ખાતરી આપી હતી, એ પછી જ મામલો થાળે પડ્યો હતો.



જી.ડી.ગોએન્કા સ્કૂલના એક્સ્પોમાં 79 પ્રોજેક્ટ્સ આકર્ષણનું કેન્દ્ર

સાંસદ પુરુષોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં સ્ટેટ રિજનલ ડાન્સ પરેડ અને ફૂડ કાર્નિવલે રંગ જમાવ્યો

સુરત: જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા 31 ઓક્ટોબરે સાંજે 7 વાગ્યે આશીર્વાદ એસ્ટેટ ખાતે 'ગોએન્કન એક્સ્પો-4 : લર્નિંગ ફોર લાઇફ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સંસદ સભ્ય પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ અતિથિઓમાં ઉકા તરસાડિયા યુનિવર્સિટી, માલીબા કેમ્પસના વાઇસ ચાન્સેલર તથા ઇસરોમાં સેવા આપી ચૂકેલા વૈજ્ઞાનિક ડો.યોગેશ પી. કોસ્ટા, મનોવિજ્ઞાનના નિષ્ણાત કાઉન્સેલર રશ્મિ ઝા અને મેનેજમેન્ટમાં પીએચ. ડી. ધરાવતા ઉદ્યોગ ક્ષેત્રના નિષ્ણાત ડો.હેમલતા અગ્રવાલ ઉપસ્થિત રહ્યાં હતાં. એક્સ્પોમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન, ટેક્નોલોજી અને જીવનોપયોગી શિક્ષણને લગતા કુલ 79 નવીન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. ભારતનાં વિવિધ રાજ્યોની પરંપરા દર્શાવતી 'સ્ટેટ રિજનલ ડાન્સ પરેડ', સંગીતમય પ્રસ્તુતિઓ, લાઇવ આર્ટ વર્ક અને વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ફૂડ કાર્નિવલ મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, સંશોધનાત્મક દૃષ્ટિ અને આયોજનશક્તિની ઝલક દર્શાવતા આ મહોત્સવમાં શિક્ષકોના માર્ગદર્શન તથા વાલીઓના સહયોગે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ખટોદરાની કંપનીના પૂર્વ આંતરિક ઓડિટર સામે પોલીસ ફરિયાદ

રૂપિયા 49.94 લાખની ફી ચૂકવવા છતાં રૂપિયા 18.50 લાખનું વધારાનું બિલ મોકલ્યાનો આક્ષેપ

લિંક્ડઇન પર બેંક સ્ટેટમેન્ટ અને દસ્તાવેજો મૂક્યાનો આક્ષેપ

ફરિયાદમાં જણાવ્યા મુજબ વધારાની રકમ ન મળતાં પારસ વોરાએ પબ્લિક ગ્રીવન્સ પોર્ટલ પર પણ કંપની વિરુદ્ધ ફરિયાદો કરી હતી. ત્યારબાદ 21 માર્ચ, 2026ના રોજ પોતાના લિંક્ડઇન એકાઉન્ટ પરથી બે અલગ-અલગ પોસ્ટ મૂકી કંપનીના કામકાજ અને સીએસઆર અંગે સવાલો ઉઠાવ્યા હતા. આ પોસ્ટમાં કંપનીના બેંક સ્ટેટમેન્ટ અને અન્ય ગોપનીય દસ્તાવેજો મંજૂરી વિના અપલોડ કર્યાનો આક્ષેપ છે. વધુમાં, 20 જુલાઈ, 2026ના રોજ ગ્રુપ કંપનીને વ્યાજ વગર લોન આપવાના મુદ્દે પણ પોસ્ટ કરવામાં આવી હતી. કંપનીએ 7 જૂન, 2026ના રોજ કાનૂની નોટિસ પાઠવી હોવા છતાં જવાબ નહીં મળ્યાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઉપરાંત કંપનીની માગણી નહીં સંતોષાય તો ફરિયાદી અને કર્મચારીઓને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

સુરત : ખટોદરા સ્થિત એસ.એમ.એલ. હાઉસ કંપનીમાં કંપની સેક્રેટરીએ કંપનીના પૂર્વ આંતરિક ઓડિટર પારસ વોરા સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ગોડાદરાની વિનાયક હાઈટ્સમાં રહેતા નિખિલ સુરેશચંદ્ર મિસ્ત્રી (ઉં.વ.35) ખટોદરા સ્થિત એસ.એમ.એલ. હાઉસ કંપનીમાં કંપની સેક્રેટરી (સીએસ) તરીકે નોકરી કરે છે. તેમજ ઉધના-મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ નજીક આવેલી એસ.એમ. એલ. હાઉસ કંપની પોલિએસ્ટર ફિલ્મનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીના મોટા નાણાકીય અને વ્યવસાયિક વ્યવહારોને ધ્યાનમાં રાખીને વર્ષ 2013-14માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પારસ વોરાની કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ 1 મે, 2014થી તેમને આંતરિક ઓડિટર અને વ્યવસાયિક સલાહકારની જવાબદારી સોંપવામાં આવી હતી. કંપનીએ તેમની પાસેથી ગોપનીયતા જાળવવા અંગે બાંહેધરી પણ મેળવી હતી. આ દરમિયાન કંપનીએ તેમને બેંકિંગ વ્યવહારો, આવકવેરા, જીએસટી, સીએસઆર, બોર્ડ મીટિંગ, આંતરિક ઓડિટ રિપોર્ટ અને ઈ-મેઇલ સહિતના તમામ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો તથા કોમ્પ્યુટર ડેટાની ઍક્સેસ આપી હતી. જોકે, સમય જતાં તેઓ કંપનીમાં પોતાનું વર્ચસ્વ ઊભું કરી ઓડિટના સમયે નોકરી છોડી દેવાની ધમકી આપી મનપસંદ વળતરની માગણી કરતા હોવાનો આક્ષેપ છે.

કંપનીએ નવા ઓડિટરની નિમણૂક કર્યા બાદ 16 જૂન, 2022ના રોજ પારસ વોરાને છૂટા કર્યા હતા. તે સમયે તેમને રૂપિયા 49,94,800ની પ્રોફેશનલ ફીમાંથી ટીડીએસની કપાત બાદ ચુકવણી કરવામાં આવી હતી. બાકી ફીના બદલામાં કંપનીએ હોન્ડા કાર પણ તેમના નામે કરી આપી હતી. તેમ છતાં 22 જુલાઈ, 2022ના રોજ તેમણે રૂપિયા 18.50 લાખનું વધારાનું બિલ મોકલી નાણાંની માગણી કરી હતી.

દિવાળી ટાણે નવી નોટો આપવા સ્કોબા બાદ હવે ચેમ્બરની RBIને રજૂઆત

દિવાળી પૂજન, કર્મચારીઓના બોનસ અને શુકન-ભેટ માટે નવી નોટો આપો

નાના મૂલ્યની નોટોનો વધારાનો જથ્થો સમયસર આપો: ચેમ્બર

સુરતઃ દિવાળી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં નવી ચલણી નોટોની વધતી માગને ધ્યાનમાં રાખીને સ્કોબા બાદ હવે ચેમ્બર દ્વારા પણ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ RBI અમદાવાદના રિજનલ ડિરેક્ટર અમરેશ રંજનને પત્ર પાઠવી દક્ષિણ ગુજરાતની સહકારી સહિત તમામ બેંકોને પૂરતા પ્રમાણમાં નવી નોટો ફાળવવાની માગ કરી છે.

ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે સુરત દેશનું મહત્ત્વનું વેપારી અને ઔદ્યોગિક કેન્દ્ર છે. અહીં દિવાળી વર્ષનો સૌથી મોટો તહેવાર હોવાથી ધનતેરસ અને લક્ષ્મીપૂજનમાં નવી નોટોનું વિશેષ મહત્ત્વ છે. આ ઉપરાંત કર્મચારીઓ અને કારીગરોને બોનસ ચૂકવવા તેમજ સગાં-સંબંધીઓને શુકન અને ભેટ આપવા માટે પણ નવી નોટોની માગ રહે છે. ચેમ્બરે સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેંક્સ એસોસિએશન લિમિટેડ (SCOBA) દ્વારા 29 ઓક્ટોબરે RBI સમક્ષ કરવામાં આવેલી રજૂઆતને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. સહકારી બેંકો નાના વેપારીઓ, શ્રમિકો અને સામાન્ય નાગરિકો સાથે સીધો સંપર્ક ધરાવતી હોવાથી ત્યાં નવી નોટોની અછત સર્જાય તો ગ્રાહકોને મુશ્કેલી પડી શકે છે. ચેમ્બરે નિયમિત ક્વોટા ઉપરાંત તહેવારોની વધારાની જરૂરિયાત મુજબ વિવિધ મૂલ્યની, ખાસ કરીને નાના મૂલ્યની નવી નોટો ફાળવવા અને દિવાળી પહેલાં બેંકો સુધી જથ્થો પહોંચાડવા માગ કરી છે. જેથી બેંકોની તમામ શાખાઓ મારફતે નાગરિકોને સરળતાથી નોટો મળી રહે.

બે વર્ષ બાદ કરાયેલી બિલ્ડર વિરુદ્ધની ફરિયાદ ફગાવાઈ

વેસુ, માર્કવીસ હાઈટ્સ એપાર્ટમેન્ટમાં સેવામાં ખામી મુદ્દે બિલ્ડર સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી

સુરતઃ વેસુના માર્કવીસ હાઈટ્સ એપાર્ટમેન્ટના અંદાજે રૂ. ૧-૧ કરોડના બે ફ્લેટ ફરિયાદી શૈલેષકુમાર પટેલ, વાસંતીબેન શૈલેષકુમાર પટેલ અને શૈલાબેન મુકેશભાઈ શાહે મેસર્સ ચિત્રા ડેવલપર્સ પાસેથી ખરીદ્યા હતા. દસ્તાવેજનાના દિવસે જ ફ્લેટનો કબજો પણ ધારકોને સોંપાઈ ગયો હતો. ત્યારબાદ આશરે ૨ વર્ષ પછી, બ્રોશર મુજબ એન્ટ્રન્સ પાસે જીમ ન બનવાને બદલે બેઝમેન્ટ પાર્કિંગના ખૂણામાં નાનું જીમ બનાવાયું હોય, વરસાદનું પાણી ભરાતું હોવા અને કમ્પાઉન્ડમાં બ્લોકનું યોગ્ય લેવલિંગ ન હોવાના આક્ષેપો સાથે રૂ. ૫-૫ લાખના વળતરની માંગણી કરતી ફરિયાદ ગ્રાહક કમિશન સમક્ષ દાખલ કરાઈ હતી. આ કેસની સુનાવણીમાં બિલ્ડર તરફથી એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈએ રજૂઆત કરી હતી કે ફ્લેટનો કબજો ૨૯/૦૬/૨૦૧૮ના રોજ જ સોંપાઈ ગયો હોવાથી સેવામાં ખામીનું કારણ તે જ દિવસે ઉપસ્થિત થયું ગણાય. ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ની કલમ-૬૯ મુજબ બે વર્ષની મુદત તા. ૨૮/૦૬/૨૦૨૦ના રોજ પૂરી થઈ ગઈ હતી, છતાં આશરે ૧૦-૧૧ માસના વિલંબથી ફરિયાદ કરાઈ હતી અને વિલંબ માફ કરવા માટે કોઈ અરજી સુદ્ધાં કરાઈ નહોતી. બંને પક્ષની રજૂઆત બાદ મુદત બહાર થયેલી આ બંને ફરિયાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ) દ્વારા નામંજૂર કરવામાં આવી હતી.

ટેક્સટાઈલ PLI સ્કીમમાં સુધારા ટર્નઓવરની મર્યાદા 50% ઘટી

ચેમ્બરની રજૂઆતને પગલે MSME એકમો માટે મોટી રાહત

લઘુત્તમ રોકાણ 50 કરોડ અને ટર્નઓવર 100 કરોડ કરાયું, યોજનાની મુદત 2033-34 સુધી લંબાવાઈ

સુરત : સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ ગણાય તેવો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે. કેન્દ્રીય વસ્ત્ર મંત્રાલયે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમમાં સુધારા કરીને MSME અને મધ્યમ કક્ષાના ટેક્સટાઈલ એકમો માટે રોકાણ તથા ટર્નઓવરની લઘુત્તમ મર્યાદામાં 50 ટકાનો ઘટાડો કર્યો છે. સાથે જ યોજનાની મુદત ચાર વર્ષ વધારી નાણાકીય વર્ષ 2033-34 સુધી લંબાવવામાં આવી છે. 28 ઓક્ટોબરે આ અંગે સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા 9 ઓક્ટોબરે ચેમ્બરના આંગણે યોજાયેલા 'વિકાસ વિમર્શ' કાર્યક્રમમાં કેન્દ્રીય વસ્ત્ર મંત્રી ગિરિરાજ સિંહ સમક્ષ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે અગાઉ રૂપિયા 200 કરોડના લઘુત્તમ ટર્નઓવરની શરતને કારણે મોટાભાગના MSME એકમો યોજનાનો લાભ લઈ શકતા નહોતા. હવે Part-II હેઠળ લઘુત્તમ રોકાણ રૂપિયા 100 કરોડથી ઘટાડી રૂપિયા 50 કરોડ અને ટર્નઓવર રૂપિયા 200 કરોડથી ઘટાડી રૂપિયા 100 કરોડ કરવામાં આવ્યું છે. આથી વધુ નાના અને મધ્યમ ઉત્પાદકો માટે PLI યોજનામાં જોડાવાનો માર્ગ ખુલશે. સુધારેલી જોગવાઈ મુજબ પ્રથમ પરફોર્મન્સ વર્ષમાં 11 ટકા ઈન્સેન્ટિવ મળશે, જે દર વર્ષે એક ટકા ઘટીને પાંચમા વર્ષે સાત ટકા રહેશે.

યોજનામાં FY 2026-27 અને FY 2027-28ને પ્લાન્ટ સ્થાપવા માટે તૈયારીનો સમયગાળો રાખવામાં આવ્યો છે. FY 2028-29થી FY 2032-33 સુધી પાંચ પરફોર્મન્સ વર્ષ રહેશે. જીરાવાલાએ આ નિર્ણય બદલ વસ્ત્ર મંત્રી ગિરિરાજ સિંહ, સચિવ નીલમ શમી રાવ, જોઈન્ટ સેક્રેટરી મનીષા ચેટર્જી, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને સાંસદ મુકેશ દલાલનો આભાર માની ઉદ્યોગકારોને યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી.

દિવાળીની સફાઈનાં સાધનોની ભારે ડિમાન્ડ



■ દિવાળી આવે એટલે ઘર-ઓફિસની સાફ-સફાઈ કરવામાં આવતી હોય છે. સ્વચ્છતા માટે ઝાડું સૌથી અગત્યનું સાધન છે ત્યારે બજારમાં હાલ સાવરણી-ઝાડું ડિમાન્ડમાં છે. **(ત. સતીષ જાદવ)**

ખટોદરાના કાપડ વેપારી સાથે રૂ.૬.૨૭ લાખની ઠગાઈ

સુરતઃ અલથાણના ભરથાણા ગામે લક્ષ્મી પાર્ક સોસાયટીમાં રહેતા અને ખટોદરા વિસ્તારમાં આવેલા 'સૂર્ય દર્શન સિન્થેટિક્સ'ના વેપારી અમિતભાઈ ચેવલી સાથે રૂ.૬.૨૭ લાખની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. દલાલ સુરેશભાઈ શર્માએ જગતરામ નામના ખરીદદાર સાથે વેપારીનો પરિચય કરાવ્યો હતો. તારીખ ૦૫/૦૭/૨૦૨૫ના રોજ ચાર અલગ-અલગ બિલ દ્વારા કુલ રૂ.૬,૨૭,૭૮૦ ની કિંમતનું નાયલોન કાપડ ખરીદવામાં આવ્યું હતું. દલાલે સમયસર પેમેન્ટની પૂરી ખાતરી આપી હતી, પરંતુ કાપડનો જથ્થો લીધા બાદ બંને આરોપીએ એક પણ રૂપિયો ચૂકવ્યો નહોતો અને ઉધરાણી કરવા પર ટાળટૂળ કરતાં હતા. આ ઠગાઈ અંગે વેપારીએ ખટોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ - ૩૬૬૦૦૭.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. મુળી	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૨	૬૬ કે.વી. વલસાડ સિટી	૧૧ કે.વી. સેગવી	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૩	૬૬ કે.વી. અટક પારડી	૧૧ કે.વી. અબ્રામા	અતુલ	૬૩૫૭૬૦૫૬૯૧	૦૨.૧૧.૨૦૨૬ (સોમવાર)	૯:૦૦ થી ૧૩:૦૦
૪		૧૧ કે.વી. અટકપારડી એ.જી.				
૫	૬૬ કે.વી. ભાગડાવાડા	૧૧ કે.વી. લાઇટ હાઉસ	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૦૩.૧૧.૨૦૨૬ (મંગળવાર)	૯:૦૦ થી ૧૩:૦૦

નોંધઃ સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઇજનેર (સં અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
એમ.સી.બી. / ઇ.એલ.સી.બી. / આર.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (ક ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.

અ નં	સબ-સ્ટેશન	ફીડરનું નામ	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ /વાર	સમય
૧	૬૬ કે.વી નવસારી સીટી	૧૧ કે.વી એસ.ટી ડેપો	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૨.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૨	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી જમાલપોર	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૪.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦
૩	૬૬ કે.વી છાપરા	૧૧ કે.વી. પ્રતીક્ષા સોસાયટી	નવસારીપૂર્વ	૯૮૭૯૨૦૧૦૭૭	૦૫.૧૧.૨૦૨૬	૮:૩૦ થી ૧૪:૦૦

નોંધઃ સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.
કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.
ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો